જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૦,૮૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૦૩/૨૦૨૬**

નિકોલઃ હિંમતસિંહ અમરસિંહ ખીમસુરીયા (રહે. અંબિકા ચોક ગોપી કિરાણા સામે ઠક્કરનગર કૃષ્ણનગર) એ તા.૨૮/૦૮/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૭/૦૮/૨૦૨૬ કલાક ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ વિરાટનગર રોડ નેશનલ હાઇ–વે નંબર–૦૮ નીલુ મોટર્સ ભારતીય પેટ્રોલપંપની ઓફીસ ખોલી અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી કેસ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૪૦,૫૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ દિપકભાઇ ગણપતભાઇ પરમાર (ઉ.વ.૩૧) (રહે. વર્ધમાન કૃપા ફ્લેટ ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૮/૨૦૨૬ કલાક ૧૧/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ અર્જુનપ્રસાદ સુંદરરામ જયસ્વાલ (ઉ.વ.૭૧) (રહે. દેવદિપ એપાર્ટમેન્ટ સ્વામિનારાયણ ગુરુકુલ સામે કોટેશ્વર) એ બિમારીથી કંટાળી તા.૨૮/૦૮/૨૦૨૬ રાતના ૧/૧૫ વાગ્યા પહેલા રહેણાંકની ત્રીજા માળની બાલ્કનીમાંથી પડતુ મુકતાં ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૦૩/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

ઓઢવઃ અમરતભાઈ ચતુરભાઈ પટેલ (ઉ.વ.૭૫) (રહે. શ્યામ વન સિંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૬ સવારના ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઈ ચલાવે છે.

દાણીલીમડાઃ તપસ નવકુમાર સાંતરા (ઉ.વ.૪૬) (રહે. જય જગત સોસાયટી, કબાડી માર્કેટ–૩ પાસે, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૬ સવારના ૦૭/૨૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ભલાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી